૨૦૧૮ - ૧૯, વિસ્તરણ અધિકારી (ખેતી)

આ પ્રશ્નપત્રમાં કુલ 16 છાપેલા પાના છે.

# VA(K) - 2018-19

VA(K) - 2018-19
B 5000458
SEAL SEAL SEAL SEAL

કુલ ગુણ : 100
સમય : 1 કલાક
ઉમેદવારનો બેઠક ક્રમાંક : ______

પ્રશ્નપુસ્તિકા કોડ : **B**

ઉમેદવારની સહી : ______ ખંડ નિરીક્ષકની સહી : ______

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

**ઉમેદવારોને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે વિકલ્પ E આપેલ છે. પ્રશ્નની સાથે જ પાંચેય વિકલ્પ આપવામાં આવેલા છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.
ઉદાહરણ તરીકે :
ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?
(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી
(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે
(E) Not Attempted
જવાબવહી (Answer Sheet)માં
A ○ B ● C ○ D ○ E ○
ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે.
ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) **પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે.** બોર્ડ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઇનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે, જે મુજબ -
(i) પ્રત્યેક ખોટા જવાબ દીઠ (-0.3) (માઈનસ ત્રણ દશાંશ).
(ii) પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ (-0.4) (માઈનસ ચાર દશાંશ)
(iii) એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ (-0.6) (માઈનસ છ દશાંશ).
(iv) **દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "(E) Not Attempted" રહેશે, ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં.**
આમ સાચા જવાબ દ્વારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (i), (ii), (iii) મુજબ માઈનસ થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ માન્ય ઠરશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET)માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર OMR SHEETના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાના OMR SHEET (ઉત્તરપત્રો) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે તથા **ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) પર નિયત જગ્યાએ પોતાના ડાબા હાથના અંગૂઠાનું નિશાન કરવાનું રહેશે તેમજ OMR SHEET ઉપર આપેલ સૂચનાઓ વંચાણે લઈ તેનો ફરજિયાત અમલ કરવાનો રહેશે.**

(7) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની વિગતો લખવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, કેમેરા, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે :**
(સાચા જવાબની સંખ્યા x 1) – {(ખોટા જવાબની સંખ્યા x 0.3) + (ખાલી છોડેલ પ્રશ્નની સંખ્યા x 0.4) + (છેકછાક કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની સંખ્યા x 0.6)} = ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

PariksaPath . pariksapath.in

# SPACE FOR ROUGH WORK



PariksaPath : pariksapath.in

1. જળવિદ્યુત સહયોગ (Hydro power co-operation) માટે જુલાઈ-2018ના પ્રથમ સપ્તાહમાં ભારતના વડાપ્રધાનની મુલાકાત લેનાર શ્રી શેરીંગ ટોબગે (Tshering Tobgay) કયા દેશના વડાપ્રધાન હતા ?

(A) મોરેશિયસ
(B) મલેશિયા
(C) મ્યાનમાર
(D) ભૂટાન
(E) Not Attempted

2. She left the office after the manager _______ her permission.

(A) had given
(B) gives
(C) is giving
(D) will give
(E) Not Attempted

3. મમતા તરુણી યોજના હેઠળ કઈ વયજૂથની કન્યાઓ આવરી લેવામાં આવે છે ?

(A) 12 થી 20 વર્ષ
(B) 1 થી 10 વર્ષ
(C) 10 થી 19 વર્ષ
(D) 10 થી 18 વર્ષ
(E) Not Attempted

4. ગુલાબની પાંખડીમાં કેટલા ટકા વોલેટાઈલ ઓઈલ હોય છે ?

(A) 0.25% થી 0.36%
(B) 0.03% થી 0.08%
(C) 0.14% થી 0.19%
(D) 0.25% થી 0.32%
(E) Not Attempted

5. કયા રંગની લાઈટ છોડના વૃધ્ધિ માટે લાભકારક છે ?

(A) લીલો
(B) ભૂરા
(C) લાલ
(D) જાંબલી
(E) Not Attempted

6. લોકશાહી (Democracy) શબ્દ મૂળ શબ્દ 'Demos' (લોકો) અને 'Kratos' માંથી ઉતરી આવ્યો હોવાનું મનાય છે, આ શબ્દો કઈ ભાષાના છે ?

(A) ગ્રીક
(B) લેટીન
(C) ફ્રેન્ચ
(D) હિબ્રુ
(E) Not Attempted

7. દાડમ પાકમાં કઈ બહાર લેવાથી ફૂલ જૂન-જુલાઈમાં આવે છે અને ફળ શિયાળામાં તૈયાર થાય છે ?

(A) અહીં દર્શાવેલ ત્રણેય બહારમાં
(B) મૃગ બહાર
(C) આંબે બહાર
(D) હસ્ત બહાર
(E) Not Attempted

8. પર્યાવરણ સંરક્ષણ માટેના NGT (National Green Tribunal) ના અધ્યક્ષપદે ઑગસ્ટ-2018માં કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી હરીશ સાલ્વે
(B) શ્રી ઉમેશ દત્તાત્રેય સાલ્વી
(C) શ્રી આદર્શકુમાર ગોયલ
(D) શ્રી સ્વતંત્રકુમાર
(E) Not Attempted



PariksaPath .. pariksapath.in

9. "ગણેશ" એ કયા ફળ પાકની સુધારેલ જાત છે ?

(A) ચીકુ
(B) દાડમ
(C) જમરૂખ
(D) બોર
(E) Not Attempted

10. નીચેનામાંથી કઈ જંતુનાશક દવા સિસ્ટમિક (Systemic) છે ?

(A) ડાયમીથોએટ
(B) સાઈપરમેથ્રીન
(C) ફેનવેલરેટ
(D) મિથાઈલ પેરાથીઓન
(E) Not Attempted

11. 'રાવણ હથ્થો' શું છે ?

(A) એક પ્રકારનું હસ્તયુદ્ધ
(B) રાવણે બન્ને હાથ વડે કરેલી શિવસ્તુતિ
(C) રાવણના હાથ વડે બંધાયેલ મહેલ
(D) એક પ્રકારનું તંતુવાદ્ય
(E) Not Attempted

12. ગાંધીજી દ્વારા અસહકારનું આંદોલન નીચેના પૈકી કયા બનાવ બાદ પાછું ખેચવામાં આવેલ હતું ?

(A) મોર્લે - મિન્ટો સુધારા (1909) ઘડાયા બાદ
(B) ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરી ચૌરાના બનાવ બાદ
(C) પંજાબના અમૃતસરના જલિયાંવાલા બાગના બનાવ બાદ
(D) ઈ.સ. 1919 માં "રોલેટ એક્ટ" ઘડાયા બાદ
(E) Not Attempted

13. "બાસાલીન" એ કઈ દવાનું બજારું નામ છે ?

(A) ફ્લુક્લોરાલીન
(B) એટ્રાઝીન
(C) ઓક્સીડાયોઝોન
(D) પેન્ડીમીથાલીન
(E) Not Attempted

14. સમાસ ઓળખાવો : રિક્ષાભાડું

(A) દ્વિગુ
(B) તત્પુરુષ
(C) દ્વન્દ્વ
(D) ઉપપદ
(E) Not Attempted

15. દાઝી જવાને લીધે વ્યક્તિ બેહોશ થવાના કારણો :

(1) દાઝી જવાથી અસહ્ય વેદનાને કારણે.

(2) દાઝવાથી શરીરનું પ્રવાહી ઘટી જવાથી લોહીનું પરિભ્રમણ ઘટી જતાં મગજને પૂરતો ઑક્સિજન તથા ગ્લુકોઝ ન મળવાને કારણે.

– આ વિકલ્પોની સત્યતા તપાસી સાચો જવાબ આપો.

(A) કારણ (1) ખોટું છે, કારણ (2) સાચું છે.
(B) (1) અને (2) બંને કારણો સાચાં છે.
(C) (1) અને (2) બંને કારણો ખોટાં છે.
(D) કારણ (1) સાચું છે, કારણ (2) ખોટું છે.
(E) Not Attempted

16. 0.1% સોડીયમ = .......... પી.પી.એમ.

(A) 10
(B) 100
(C) 10,000
(D) 1000
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

17. સમાસ જણાવો : હાડમાંસ

(A) દ્વન્દ્વ
(B) કર્મધારય
(C) તત્પુરુષ
(D) દ્વિગુ
(E) Not Attempted

18. નીચેના પૈકી ડ્યુરમ ઘઉંની એક જાત કઈ છે ?

(A) જી.ડબલ્યુ. - 173
(B) જી.ડબલ્યુ. - 1139
(C) જી.ડબલ્યુ. - 322
(D) લોક - 1
(E) Not Attempted

19. સને 1961 માં .......... એ અવકાશયુગમાં સહુપ્રથમ માનવી (અવકાશયાત્રી) શ્રી .......... ને મોકલ્યા હતા.

(A) જાપાન, ટાકોઈ યાકામા
(B) રશિયા, યુરી ગેગેરીન
(C) અમેરિકા, નિલ આર્મસ્ટ્રોન્ગ
(D) ફ્રાન્સ, માર્કોપોલો
(E) Not Attempted

20. બે બે સંખ્યાના નીચે આપેલ જૂથ પૈકી કયું જૂથ અલગ પડે છે ?

(A) 15:5
(B) 42:4
(C) 36:6
(D) 32:2
(E) Not Attempted

21. _______ is aware that _______ has played a mischief.

(A) All, not
(B) All, some
(C) Some, all
(D) No one, someone
(E) Not Attempted

22. એક્સેલ વર્કશીટમાં કોઈ સેલમાં જ્યારે કોઈ માહિતી દાખલ કરવામાં આવે ત્યારે તે માહિતી નીચેના વિકલ્પ પૈકી કઈ જગ્યાએ પણ જોઈ શકાય ?

(A) નેમ બોક્સ
(B) સ્ટેટસબાર
(C) ફોર્મ્યુલા બાર
(D) રો હેડીંગ
(E) Not Attempted

23. છંદ ઓળખાવો : તમે જો ના આવો તરસ ઉરની ખૂબ છલકે

(A) ઉપેન્દ્રવજ્રા
(B) પૃથ્વી
(C) શિખરિણી
(D) વસંતતિલકા
(E) Not Attempted

24. ન્યુક્લીઅસ બીજ કોની દેખરેખ હેઠળ ઉત્પન્ન કરવામાં આવે છે ?

(A) રાષ્ટ્રીય બીજ નિગમ
(B) રાજ્ય બીજ નિગમ
(C) પ્રગતિશીલ ખેડૂત
(D) વૈજ્ઞાનીક
(E) Not Attempted

25. સર્ટીફાઈડ બીજની ટેગનો રંગ કયો હોય છે ?

(A) ભૂરો
(B) લીલો
(C) સફેદ
(D) કાળો
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

26. ભારતના બંધારણમાં જાહેર હિસાબ સમિતિ (Public Account Committee) સંબંધમાં નીચેના પૈકી કઈ બાબત સાચી નથી ?

(A) આ સમિતિ તેમનો અહેવાલ રાષ્ટ્રપતિને ઉદ્દેશીને રજૂ કરે છે.

(B) આ સમિતિના સભ્યોની નિમણૂક ભારતની રાજ્યસભાના અધ્યક્ષ કરે છે.

(C) આ સમિતિના સભ્યોની નિમણૂક ભારતની લોકસભાના અધ્યક્ષ કરે છે.

(D) આ સમિતિ મહાલેખા નિયંત્રક (કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ - CAG) નો નાણાંકીય અહેવાલ તપાસે છે.

(E) Not Attempted

27. આર.ટી.ઈ. (R.T.E.) કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ?

(A) પર્યાવરણ
(B) માહિતી અધિકાર
(C) રોજગારી
(D) શિક્ષણ
(E) Not Attempted

28. નીચેનામાંથી કયું પુસ્તક આદિલ મન્સૂરીનું નથી ?

(A) આગમન
(B) વળાંક
(C) પગરવ
(D) સતત
(E) Not Attempted

29. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓમાં નિર્વાચીત ઉમેદવારોમાં મહિલા અનામતની ટકાવારી કેટલી ઠરાવી છે ?

(A) 35%
(B) 33%
(C) 50%
(D) 40%
(E) Not Attempted

30. Let the songs _______ by the artists.

(A) be sung
(B) are singing
(C) sing
(D) sing
(E) Not Attempted

31. રૂઢિપ્રયોગનો અર્થ લખો : બરડો થાબડવો

(A) માર મારવો
(B) બરડો પંપાળવો
(C) જોરજોરથી ધબ્બા મારવા
(D) શાબાશી આપવી
(E) Not Attempted

32. ફૂલ પરાગનયન માટે નીચેનામાંથી કયુ પરીબળ મદદ કરે છે ?

(A) પ્રકાશની તીવ્રતા
(B) તાપમાન
(C) પવન
(D) હવામાં ભેજનું પ્રમાણ
(E) Not Attempted

33. નીચેનામાંથી કયું નિંદણ બહુવર્ષિય છે ?

(A) ભૂમશી
(B) ધરો
(C) ભોંય પાથરી
(D) સામો
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

34. શબ્દકોશના ક્રમ મુજબ સાચી ગોઠવણી કઈ છે ?

(A) અક્કલ, અક્રૂર, અક્ષય, અખાત
(B) અખાત, અક્રૂર, અક્કલ, અક્ષય
(C) અક્રૂર, અક્કલ, અખાત, અક્ષય
(D) અક્રૂર, અક્કલ, અક્ષય, અખાત
(E) Not Attempted

35. Ram and she _______ since morning.

(A) have been reading
(B) is reading
(C) are rading
(D) has reading
(E) Not Attempted

36. મુખ્ય પાકમાં આવતા રોગ જીવાતના નિયંત્રણ માટે વાવવામાં આવતા પાકને શું કહે છે ?

(A) ખાધ પાક
(B) બિન ખાધ પાક
(C) પિંજર પાક
(D) રોકડીયો પાક
(E) Not Attempted

37. વિશેષણ કયું છે તે લખો : રમેશ પાસે કાળી છત્રી છે.

(A) છે
(B) રમેશ
(C) કાળી
(D) છત્રી
(E) Not Attempted

38. These days, Mahesh and I _______ for our examinations.

(A) am preparing
(B) are preparing
(C) prepare
(D) prepared
(E) Not Attempted

39. છંદ ઓળખાવો : અરે આ ભરતખંડ ભૂમિએ એવા ભૂપાળ,
શૂરવીર ધીર ગુણવાળા ક્યાં ગુમાવિયા.

(A) તોટક
(B) મનહર
(C) સવૈયા
(D) દોહરો
(E) Not Attempted

40. I saw _______ European who was travelling to _______ East.

(A) a, the
(B) an, an
(C) a, a
(D) a, an
(E) Not Attempted

41. All know that the Ramayana _______ by Valmiki.

(A) written
(B) was written
(C) wrote
(D) writes
(E) Not Attempted

42. ખેતી પાકોમાં શેના દ્વારા પાક ઉત્પાદનમાં સૌથી વધારે નુકશાન થાય છે ?

(A) ઉંદર
(B) નિંદણ
(C) રોગ
(D) જીવાત
(E) Not Attempted


PariksaPath · pariksapath.in

43. અલંકાર ઓળખો : તેના દાંત દાડમના દાણા જેવા છે.

(A) ઉપમા
(B) રૂપક
(C) વ્યાજસ્તુતિ
(D) યમક
(E) Not Attempted

44. સામાનાર્થી શબ્દ લખો : તથ્ય

(A) હકીકત
(B) દાખલો
(C) દલીલ
(D) સાબિતી
(E) Not Attempted

45. "ક્રીકેટ બોલ" એ કયા ફળ પાકની એક જાત છે ?

(A) જમરૂખ
(B) સફરજન
(C) ચીકુ
(D) દાડમ
(E) Not Attempted

46. કપાસની એક ગાંસડી એટલે કેટલા કીલોગ્રામ કપાસ ?

(A) 210
(B) 120
(C) 150
(D) 170
(E) Not Attempted

47. જૈવીક ખાતર રાઈઝોબીયમ કલ્ચરનું એક પેકેટ કેટલા કીલોગ્રામ બીજ ને બીજ માવજત માટે વપરાય છે ?

(A) 40 કીલોગ્રામ
(B) 10 કીલોગ્રામ
(C) 20 કીલોગ્રામ
(D) 30 કીલોગ્રામ
(E) Not Attempted

48. કયા પાકના ખેતરમાં બ્લુ ગ્રીન આલ્ગી વાતાવરણમાં રહેલો નાઈટ્રોજન ખેંચે છે ?

(A) મગ
(B) ડાંગર
(C) ઘઉં
(D) બટાટા
(E) Not Attempted

49. રોગશાસ્ત્ર (પ્લાન્ટ પેથોલોજી)ના પિતા તરીકે ઓળખાય છે.

(A) એનટોન ડી. બેરી
(B) કે. સી. મહેતા
(C) ઈ.જે. બુટલર
(D) એન. એ. કોબ
(E) Not Attempted

50. કયા તત્ત્વની ઊણપથી ડાંગર પાકના પાંદડામાં કથ્થાઈ કલરના ટપકાઓ દેખાય છે ?

(A) મેગેનીઝ
(B) લોહ
(C) જસત
(D) કોપર
(E) Not Attempted

51. પરભણી ક્રાંતિ કયા પાકની પ્રખ્યાત જાત છે ?

(A) ભીંડા
(B) ટામેટા
(C) દૂધી
(D) મરચા
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

52. ટકાઉ વિકાસ (સુપોષિત વિકાસ)નું મહત્ત્વનું લક્ષણ કયું છે ?

(A) પર્યાવરણીય સંસાધનોની કાયમી જાળવણી

(B) માત્ર ટકાઉ વસ્તુઓનું ઉત્પાદન કરવું

(C) વિકાસનો લાભ લઘુતમ 5 વર્ષ સુધી સતત મળે તેવી વ્યવસ્થા

(D) મોજશોખની વસ્તુઓના બદલે જીવન જરૂરિયાતની વસ્તુઓનું ઉત્પાદન

(E) Not Attempted

53. રૂઢિપ્રયોગનો અર્થ લખો : ખાટું મોળું થવું

(A) દૂધ મેળવવું
(B) દહીં બનાવવું
(C) યોગ્ય થવું
(D) બગડી જવું
(E) Not Attempted

54. The CEO of the company visits the plant _______ .

(A) occasionally
(B) occasion
(C) occasioned
(D) occur
(E) Not Attempted

55. ઑગસ્ટ-સપ્ટેમ્બર 2018 દરમિયાન યોજાયેલ એશિયન ગેમ્સ કયા દેશના કયા શહેરોમાં યોજાયેલ ?

(A) જાપાન - ટોકિયો
(B) થાઈલૅન્ડ - બેંગકોક
(C) ચીન - પેકીંગ, શંઘાઈ
(D) ઈન્ડોનેશિયા - જાકાર્તા, પાલેમબર્ગ
(E) Not Attempted

56. _______ ultimate decision will be taken by _______ manager.

(A) A, a
(B) An, the
(C) An, a
(D) The, the
(E) Not Attempted

57. વૃક્ષો જાણે લીલો પોશાક પહેરીને ઊભાં હતાં. – અલંકાર ઓળખાવો.

(A) વ્યતિરેક
(B) રૂપક
(C) ઉપમા
(D) ઉત્પ્રેક્ષા
(E) Not Attempted

58. ફેરોમેનટ્રેપમાં .......... નામનો પદાર્થ વપરાય છે.

(A) એઝાયડીરેક્ટીન
(B) રેઝીન
(C) મિથાઈલ યુઝીનોલ
(D) મીણ
(E) Not Attempted

59. સેન્દ્રિય ખેતી અંતર્ગત રાજ્યમાં કામગીરી સંભાળતી સંસ્થા "GOPCA" નું આખુ નામ.

(A) ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ્સ સર્ટીફીકેશન એજન્સી

(B) ગુજરાત ઓર્ગેનિક પોસ્ટહાર્વેસ્ટ સર્ટીફીકેશન એજન્સી

(C) ગુજરાત ઓર્ગેનિક પોડ્યુસર સર્ટીફીકેશન એજન્સી

(D) ગુજરાત ઓર્ગેનિક પ્રોસેસીંગ સર્ટીફીકેશન એજન્સી

(E) Not Attempted



PariksaPath : pariksapath.in

60. કઈ જીવાત પોતાના મુખાંગો ઘસરકા ઉઝરડા કરી કૂમળા-પાન નીચેની બાજુએ ઘસરકા કરીને તેમાંથી ઝરતો રસ ચૂસીને નુકશાન કરે છે ?

(A) તડતડીયા
(B) સફેદ માખી
(C) થ્રીપ્સ
(D) મોલોમશી
(E) Not Attempted

61. જે પ્રક્રિયા દરમિયાન ઑક્સિજનનો ઉમેરો થાય અથવા હાઈડ્રોજન દૂર થાય તે પ્રક્રિયાને .......... કહેવાય છે.

(A) રેડોક્ષ
(B) રિડક્શન
(C) ઑક્સિડેશન
(D) વિઘટન
(E) Not Attempted

62. She could not sing _______ her sister.

(A) very well
(B) so good
(C) better as
(D) so well as
(E) Not Attempted

63. After _______ attempts, they could achieve _______ progress.

(A) few, many
(B) much, many
(C) little, few
(D) many, little
(E) Not Attempted

64. It _______ that she will lead the team.

(A) has been decided
(B) decided
(C) decides
(D) is deciding
(E) Not Attempted

65. બે રસાયણોના મિશ્રણનું મૂલ્ય પ્રતિ કિલો 40 રૂપિયા છે, તે પૈકી મિશ્રણ કરવામાં આવેલ એક રસાયણનું મૂલ્ય 48 રૂપિયા પ્રતિ કિલો છે અને બીજા રસાયણનું મૂલ્ય 36 રૂપિયા પ્રતિ કિલો હોય તો તે બંને રસાયણ આ મિશ્રણમાં કયા પ્રમાણમાં મેળવવામાં આવ્યા હશે ?

(A) 4:5
(B) 1:2
(C) 3:1
(D) 3:4
(E) Not Attempted

66. નિપાત શોધો : પુસ્તકો મારા જ ટેબલ પર છે.

(A) છે
(B) જ
(C) મારા
(D) પર
(E) Not Attempted

67. જેટ્રોફા (રતન જ્યોત) સ્થાનીક રીતે કયા નામે ઓળખાય છે ?

(A) જંગલી ઘાસ
(B) જંગલી પીલુ
(C) જંગલી એરંડી
(D) જંગલી કપાસ
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

68. ભારતમાં 'આધાર કાર્ડ' ઉપલબ્ધ કરાવતી સત્તાધિકારી સંસ્થા (અધિકૃત સંસ્થા) **'UIDAI'** નું પૂરું નામ **(Full Name)** જણાવો.

(A) Union of India's Authority Institution

(B) Unique Intellegency Association of India

(C) Union of Intellectual Authority of India

(D) Unique Identification Authority of India

(E) Not Attempted

69. 'કીમિયાગર' કોનું તખલ્લુસ છે ?

(A) રતિલાલ બોરીસાગર (B) મધુસૂદન પારેખ

(C) જયંત પાઠક (D) વિનોદ જોશી

(E) Not Attempted

70. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : આખા જગતનું પોષણ કરનાર

(A) વિભાવસુ (B) વિશ્વંભર

(C) આશુતોષ (D) પરંતપ

(E) Not Attempted

71. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) બંગાળાનો નવાબ સિરાજ-ઉદ-દૌલા યુદ્ધમાં હારી ગયો.

(B) પ્લાસીનું યુદ્ધ 23 જૂન, 1757 ના રોજ લડાયું.

(C) પ્લાસીના યુદ્ધથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીને બંગાળા, બિહાર, ઓરિસ્સાની દીવાની સત્તા મળી.

(D) પ્લાસીના યુદ્ધથી ઈસ્ટ ઇન્ડિયા કંપનીને બંગાળાના ચોવીસ પરગણાની જાગીર મળી.

(E) Not Attempted

72. ભારત સરકારે મગ પાકના વર્ષ 2018-19 માટે પ્રતિ ક્વીન્ટલ ટેકાના ભાવ કેટલા જાહેર કરેલ છે ?

(A) રૂા. 4890 (B) રૂા. 5675

(C) રૂા. 6975 (D) રૂા. 5600

(E) Not Attempted

73. માનવ વિકાસ આંક **(Human Development Index - HDI)** માં કયા ત્રણ નિર્દેશકોનો સંયુક્ત રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો ?

(A) વાર્ષિક 100 દિવસની રોજગારી, ખોરાક - પાણી તથા રહેવાની સગવડ તથા રાષ્ટ્રી ઉત્પાદનમાં ફાળો.

(B) કુલ ઘરેલું ઉત્પાદન, રોજગારી તથા નોકરીના નિયત કલાકો.

(C) લઘુત્તમ વેતન, સામાજિક સુરક્ષાની સગવડ તથા રોજિંદી વસ્તુઓની પ્રાપ્તિ.

(D) સરેરાશ આયુષ્ય, શિક્ષણ સંપાદન અને જીવન ધોરણ (માથાદીઠ આવક).

(E) Not Attempted

74. ભાખરાનાંગલ બહુહેતુક યોજના કઈ નદી પર આવેલ છે ?

(A) બિયાસ (B) જેલમ

(C) રાવી (D) સતલજ

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

75. _______ do you visit the library every month ?

(A) Who
(B) How many
(C) How much
(D) How often
(E) Not Attempted

76. Waste _______ time now, you need _______ practice.

(A) no, much
(B) many, few
(C) few, any
(D) any, many
(E) Not Attempted

77. ભારતને સ્વતંત્ર કરવા વિદેશોમાં ચાલતી ચળવળ દરમિયાન 'ઇન્ડિયન ઈન્ડીપેન્ડન્સ લીગ' નામની મધ્યસ્થ સંસ્થાની સ્થાપના કોણે ક્યાં કરી ?

(A) શ્યામજી કૃષ્ણવર્મા - પેરીસ
(B) સુભાષચંદ્ર બોઝ - રંગૂન
(C) રાસ બિહારી બોઝ - જાપાન
(D) વિનાયક સાવરકર - ઈંગ્લૅન્ડ
(E) Not Attempted

78. The _______ evidences proved him to be _______ .

(A) circle, guilty
(B) circular, guilt
(C) circumstance, guilty
(D) circumstantial, guilty
(E) Not Attempted

79. વિરુદ્ધાર્થી શબ્દ લખો : લોભી

(A) કૃપણ
(B) અલ્પલોભી
(C) કંજૂસ
(D) વણલોભી
(E) Not Attempted

80. સંધિ છોડો : સચ્ચરિત્ર

(A) સત્ય + ચરિત્ર
(B) સચ + ચરિત્ર
(C) સત્ + ચરિત્ર
(D) સઃ + ચરિત્ર
(E) Not Attempted

81. _______ they worked hard, they _______ won the match.

(A) Do, have
(B) Did, can
(C) Had, could have
(D) Will, are
(E) Not Attempted

82. એલોવેરાનું બોટાનીકલ નામ કયું છે ?

(A) કુરકુમા લોંગા
(B) ઈલેટારીયા કારડેમોમમ
(C) એલાઈ બારબડેન્સીસ
(D) કોમીકેરા વિઘટી
(E) Not Attempted

83. The Indian economy is _______ strong that nothing _______ beat it.

(A) more, was
(B) as, as
(C) so, as
(D) so, can
(E) Not Attempted

84. રોગજીવાતનું જૈવિક નિયંત્રણ (Biological control of insect pest) ના પુસ્તકના લેખક કોણ છે ?

(A) ડબલ્યુ લુકમેન
(B) ઓ.એસ. બિન્દ્રા અને એસ. સ્તંગ
(C) એ. બી. સકસેના
(D) ધારીવાલ
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

85. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : સુલેહ કે સમાધાનીની વાતચીત ને વાટાઘાટ

(A) વિષાલુ
(B) વિષ્ટર
(C) વિષ્ટિ
(D) વિષણ્ણ
(E) Not Attempted

86. The teachers dicussed several _______ issues _______ the Education Minister.

(A) pedagogical, with
(B) educate, at
(C) pedagogy, in
(D) education, with
(E) Not Attempted

87. પાણીની અછતવાળા વિસ્તારમાં સામાન્ય રીતે કયું પાક સંરક્ષણ સાધન વપરાય ?

(A) મીસ્ટ બ્લોઅર
(B) સ્પ્રેયર
(C) ડસ્ટર
(D) પાવર સ્પ્રેયર
(E) Not Attempted

88. નીચે આપેલી શ્રેણીમાં ખાલી જગ્યાએ કયા અક્ષરો આવશે ?

AJS, GPY, ......., SBK, YHQ

(A) QZI
(B) DMV
(C) MVE
(D) OUA
(E) Not Attempted

89. No sooner _______ he leave the office than the bell _______.

(A) do, did
(B) had, ring
(C) did, rang
(D) when, rung
(E) Not Attempted

90. ભારતનાં અગત્યના યુદ્ધો અને સમય, દર્શાવતાં જોડકાઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(1) તરાઈનનું પ્રથમ યુદ્ધ – 1191
(2) પાણીપત પ્રથમ યુદ્ધ – 1426
(3) તાલકોટાનું યુદ્ધ – 1565
(4) પ્લાસીનું યુદ્ધ – 1757

(A) 1
(B) 4
(C) 3
(D) 2
(E) Not Attempted

91. નીચેની કઈ જમીનમાં પ્રાણવાયુનું પ્રમાણ ઓછુ છે, જ્યારે અંગારવાયુનું પ્રમાણ વધારે હોય છે ?

(A) પાણી ભરાયેલ જમીન (Water logged)
(B) રેતાળ (એરીડ)
(C) ક્ષારીય (Saline)
(D) આલ્કલાઈન (બેઝીક)
(E) Not Attempted

92. The policeman _______ leg was injured _______ caught the thief.

(A) he, her
(B) whose, himself
(C) who, his
(D) whom, him
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

93. 'તત્ત્વમસિ' નવલકથા કે જેનો કેન્દ્રવર્તી વિષય 'નર્મદા તટની સંસ્કૃતિ' છે તેના લેખક કોણ છે ?

(A) ગુણવંત શાહ
(B) કાકા સાહેબ કાલેલકર
(C) ધ્રુવ ભટ્ટ
(D) રઘુવીર ચૌધરી
(E) Not Attempted

94. "ભીમા" અને "તારા" એ કયા પાકની સુધારેલ જાતો છે ?

(A) તલ
(B) સોયાબીન
(C) કસુંબી
(D) સૂર્યમુખી
(E) Not Attempted

95. સંધિ જોડો : વિદ્યુત્ + લેખા

(A) વિદ્યુતોલેખા
(B) વિદ્યુતલેખા
(C) વિદ્યુલ્લેખા
(D) વિદ્વત્લેખા
(E) Not Attempted

96. નીચેનામાંથી કયા પ્રકારનું ખાતર ડાંગર પાક માટે ઉપયોગ થાય છે ?

(A) એમોનિકલ
(B) નાઈટ્રેટ
(C) એમોનિકલ નાઈટ્રેટ
(D) ફોસ્ફેટીક
(E) Not Attempted

97. મગફળી પાકમાં બીજ માવજત માટે થાયરમ દવાનું કેટલું પ્રમાણ રાખવું જોઈએ ?

(A) 20 ગ્રામ પ્રતિ કિગ્રા બીજ
(B) 3 ગ્રામ પ્રતિ કિગ્રા બીજ
(C) 10 ગ્રામ પ્રતિ કિગ્રા બીજ
(D) 15 ગ્રામ પ્રતિ કિગ્રા બીજ
(E) Not Attempted

98. સાચી જોડણી કઈ છે ?

(A) પરીપૂરિત
(B) પરિપુરિત
(C) પરિપુરીત
(D) પરિપૂરિત
(E) Not Attempted

99. 8 × 8 મીટરના અંતરે રોપણી કરવા માટે એક એકર જમીનમાં કેટલા રોપાની જરૂર પડે છે ?

(A) 312
(B) 40
(C) 62
(D) 156
(E) Not Attempted

100. જ્યારે પ્રાયોગિક સામગ્રી હોમોજીનીયશ હોય ત્યારે કઈ ડીઝાઈનનો ઉપયોગ કરી શકાય ?

(A) અહીં દર્શાવેલમાંથી કોઈપણ નહીં
(B) આર.બી.ડી.
(C) સી.આર.ડી.
(D) એલ.એસ.ડી.
(E) Not Attempted

• • •



PariksaPath . pariksapath.in

## SPACE FOR ROUGH WORK



PariksaPath . pariksapath.in

QUE. BOOKLET NO.
5000458
SEAL SEAL SEAL

# SPACE FOR ROUGH WORK

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.



PariksaPath . pariksapath.in

## GUJARAT PANCHAYAT SERVICES SELECTION BOARD

### FINAL ANSWER KEY

**Advt. No. : 5/2018-19 - Vistaran Adhikari (Kheti) (VA(K)-2018-19)**
**Exam Date : 04/11/2018**

**QUESTION PAPER SERIES - B**

| Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER |
|---|---|---|---|---|---|---|---|
| 1 | D | 26 | B | 51 | A | 76 | A |
| 2 | A | 27 | D | 52 | A | 77 | C |
| 3 | C | 28 | A | 53 | D | 78 | D |
| 4 | B | 29 | C | 54 | A | 79 | D |
| 5 | C | 30 | A | 55 | D | 80 | C |
| 6 | A | 31 | D | 56 | D | 81 | C |
| 7 | B | 32 | C | 57 | D | 82 | C |
| 8 | C | 33 | B | 58 | C | 83 | D |
| 9 | B | 34 | A | 59 | A | 84 | C |
| 10 | A | 35 | A | 60 | C | 85 | C |
| 11 | D | 36 | C | 61 | C | 86 | A |
| 12 | B | 37 | C | 62 | D | 87 | C |
| 13 | A | 38 | B | 63 | D | 88 | C |
| 14 | B | 39 | B | 64 | A | 89 | C |
| 15 | A | 40 | A | 65 | B | 90 | D |
| 16 | D | 41 | B | 66 | B | 91 | A |
| 17 | A | 42 | B | 67 | C | 92 | B |
| 18 | B | 43 | A | 68 | D | 93 | C |
| 19 | B | 44 | A | 69 | B | 94 | C |
| 20 | B | 45 | C | 70 | B | 95 | C |
| 21 | D | 46 | D | 71 | C | 96 | A |
| 22 | C | 47 | B | 72 | C | 97 | B |
| 23 | C | 48 | B | 73 | D | 98 | D |
| 24 | D | 49 | A,C | 74 | D | 99 | C |
| 25 | A | 50 | C | 75 | D | 100 | C |

PariksaPath . pariksapath.in